R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2021-23valid up to 31-12-2023. Licensed to post without pre-payment WPP No. PMG/NG/062/2023 valid upto 31-12-2023 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૪૪ ● તા. ૮ જૂન, ૨૦૨૨ ● અંક નં. ૧૮

To,

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : આર. કે. મહેતા

સહતંત્રી : અરવિંદ આર. પટેલ ● કાર્યવાહક તંત્રી : પુલક ત્રિવેદી ● સંપાદક : જગદીશ આચાર્ય ● સહ સંપાદક : પ્રવિણ સોનારિયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ ₹ ૩૦/- છે. માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ઉપરાંત રાજ્યની કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટઓફિસમાં (સર્વિસ ચાર્જ સાથે) તથા જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ લવાજમ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in ઉપરથી ગુજરાત રોજગાર સમાચારનો અંક નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાશે.

# ELECTRONICS CORPORATION OF INDIA LIMITED : HYDERABAD

Electronics Corporation of India Limited is a leading Public Sector Enterprise (A Unit of Department of Atomic Energy) is looking for dynamic, experienced and result oriented personnel for the posts of **Tradesman-B [WG-III] for different Trades as below.**

**Tradesman - B (WG-III)-Pay scale Rs. 20,480/- with Annual Increment @ 3%**

| Post No. | Name of the Post(s) | No. of post (s) | Post No. | Name of the Post(s) | No. of post (s) |
|---|---|---|---|---|---|
| 1 | Electronic Mechanic/R&TV | 11 | 4 | Machinist | 10 |
| 2 | Fitter | 12 | 5 | Turner | 4 |
| 3 | Electrician | 3 | | | |

**Qualification & Experience:**
**Matriculation/SSC or its equivalent plus ITI certificate** (NTC) with NAC. **or**
Matriculation/SSC or its equivalent plus ITI certificate (NTC) with one-year relevant experience in manufacturing processes.
**Age:** 28 Years as on the last date of submission of online application (*)
(*) Age Relaxation/ Reservation will be followed as per Govt. Guidelines for SC/ST/ OBC/PWD & Ex-servicemen from time to time.
Age Relaxation shall be allowed up to 40 years for those Contract labours (including fixed term employees) with desirable qualification & experience who have worked/ are working in ECIL. The resultant additional relaxation for SC/ ST/ OBC candidates will also be allowed on this account.

**IMPORTANT DATES:**

| | |
|---|---|
| Commencement of on-line Registration of application by candidates | **04.06.2022 (14:00 Hours)** |
| Last date for on-line registration of application by candidates | **25.06.2022 (14:00 Hours)** |
| Written Test/Document Verification/ Trade test | Will be communicated through mail/Website **http:// careers.ecil.co.in** only to the eligible candidates only. |

For complete details please visit our website: **http://careers.ecil.co.in** or **www.ecil.co.in**

**DGM-HR (RECTT.)**

●

# IDBI BANK

**Last Date for submission of ONLINE APPLICATION and PAYMENT OF FEE is June 17, 2022**

PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY BEFORE FILLING UP THE ONLINE APPLICATION AND REMITTING THE FEE/CHARGES (Non-Refundable)

IDBI Bank Ltd., hereafter referred to as 'the Bank' invites online applications from eligible candidates for the post of Executives (on contract) and for Admission to IDBI Bank PGDBF 2022-23 for absorption as Assistant Manager, Grade- 'A', hereafter referred to as the 'Recruitment Process'. The above recruitments will be strictly on all India basis as per the selection process enumerated hereunder.

Note- Candidates are strictly advised to apply only for one of the posts, after ensuring their eligibility as per the criteria given for the respective post. Please note that multiple applications are liable to be rejected and fees/charges, if paid is non-refundable.

**Vacancy**

| Name of Posts | Total Number of Vacancy# | Reserved for | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Unreserved (UR) | SC | ST | OBC | EWS | VI | HI | OH | MD/ID |
| Executives (on Contract) | 1044 | 418 | 175 | 79 | 268 | 104 | 10 | 11 | 10 | 10 |
| Admissions to IDBI Bank PGDBF 2022-23 for absorption as Assistant Manager, Grade 'A' | 500 | 200 | 121 | 28 | 101 | 50 | 05 | 05 | 05 | 05 |

#The number of vacancies mentioned above is provisional and can be modified/ cancelled at the sole discretion of the Bank. The Bank also reserves the right to shortlist candidates and consider these shortlisted candidates for future requirements. Offer Letter/Letter of Admission (LoA) may be issued in phases as per the Bank's requirement.

**Crucial Date for the Recruitment Process**

| S. No. | Activity | Date |
|---|---|---|
| 1. | Cut-off date for eligibility criteria of Age & Qualification | April 1, 2022 |
| 2. | Online Registration (only) | June 03, 2022 to June 17, 2022 |
| 3. | Payment of Application Fee/ Intimation Charges – (Online mode only) | |
| 4. | Tentative Date of Online Test* | |
| | Executive (on contract) | July 09, 2022 |
| | Admission to IDBI Bank PGBDF 2022-23 | July 23, 2022 |

**Educational Qualifications :**

i. Graduate in any discipline from a University recognized by the Govt. of India OR any equivalent qualification recognized as such by the Central Government. Passing only a diploma course will not be considered as qualifying the eligibility criteria.

ii. The candidate must possess valid Mark-sheets (year/semester wise or consolidated) and Degree/ Provisional Degree Certificate issued by the University showing that he/ she is a graduate as on April 01, 2022 before registration. The date mentioned on the final year/ semester mark-sheet or Degree/ Provisional degree certificate issued by University will be reckoned as the date of passing the graduation. In case the result of a particular examination is posted on the website of the University / Institute and web based certificate is issued then proper document/certificate in original issued and signed by the appropriate authority of the University / Institute indicating the date of passing properly mentioned thereon will be reckoned for verification and further process. Candidates must therefore possess proper mark sheets and certificates before registering.

iii. Computer Literacy: Operating and working knowledge of computer is mandatory i.e. candidates should have Certificate/Diploma/Degree in computer operations/Language/ should have studied Computer / Information Technology as one of the subjects in the High School/College/Institute.

**Other :**

i. Candidature of candidates with record of default in repayment of loans/ credit card dues and/or against whose name adverse reports of CIBIL or other external agencies is available, is liable to be rejected at any stage of the recruitment process or termination of services, if appointed.

ii. Candidature of candidates against whom there is/ are adverse report regarding character, antecedents, moral turpitude etc. is also liable to be rejected at any stage of the recruitment process or termination of services, if appointed.

iii. Completing the Online Application will be deemed as consent from the candidate to check his/her Credit history with the relevant agencies.

**How to apply :**

Candidates can apply through Online only, from June 03, 2022 to June 17, 2022 both dates inclusive. Application in any other mode will not be accepted.

***1. Before applying, candidates should***

(i) Have a valid personal email-id and mobile number, which should be kept active till the completion of Recruitment Process. The Bank may send call letters for the examination and/ or other information to the registered email-id/ mobile number. In case of non-receipt of the communication/information due to technical defect, error or failure, the Bank shall not be responsible for the same. Candidates are advised not to change their email-id/ mobile number till the recruitment process is completed.

(ii) Scan photograph, thumb impression, hand written declaration and signature as per specifications as given under guidelines at (Annexure I).
The text for the hand written declaration is as follows –
"I, _______ (Name of the candidate), hereby declare that all the information submitted by me in the application form is correct, true and valid. I will present the supporting documents as and when required."

* The signature, left thumb impression, the hand written declaration should be of the candidate and not of any other person.

* If at a later stage of selection process or appointment, the signature/ thumb impression/ the handwriting on the handwritten declaration of the candidate is found to be dissimilar / different as per Bank's opinion and/or expert analysis, the candidature of the candidate will be cancelled.

* Signature / Hand written declaration in CAPITAL LETTERS shall NOT be accepted.

***2. Application Procedure***

(i) Only one application should be submitted by the candidate. In case of multiple applications only the latest valid (complete) application will be accepted and the application fee / intimation charges paid for the multiple registration(s) will stand forfeited. Multiple attendance / appearances in the OT/ PI/ DV/ PRMT will be summarily rejected and candidature shall stand cancelled.

(ii) Please note that all the particulars mentioned in the online application including Name of the Candidate, Category, Date of Birth, Address, Mobile Number, Email-id, Centre of Examination etc. will be considered as final and no change/modifications will be allowed after submission of the online application form. Candidates are hence advised to fill in the online application form with the utmost care as no correspondence regarding change of details will be entertained.

(iii) Please note that change in category will not be permitted at any stage after submission of the online application and the result will be processed considering the category which has been indicated in the online application, subject to guidelines of the Government of India in this regard.

➔

Candidates belonging to a particular category, if applies in another category, his/her candidature will be summarily rejected and any claim/request in this regards will not be accepted/entertained by the Bank. Therefore, candidates are advised to use caution while selecting the category.

(iv) Candidates to visit the Bank's website www.idbibank.in and click on the "CAREERS/CURRENT OPENINGS" to open the link "Recruitment of Executives on Contract" / " Admissions to IDBI Bank PGDBF 2022-23 for absorption as Assistant Manager, Grade A " and then click on the option "APPLY ONLINE" which will open a new screen.

(v) To register, choose the tab "Click here for New Registration" and enter Name, Contact details and email-id. A Provisional Registration Number and Password will be generated by the system and displayed on the screen. Candidate should note down the Provisional Registration Number (the same should be quoted for all future communications) and Password. An Email & SMS indicating the Provisional Registration number and Password will also be sent.

(vi) In case the candidate is unable to complete the Application Form in one go, he/ she can save the data already entered by choosing "SAVE AND NEXT" tab. Prior to final submission of the online application candidates are advised to use the "SAVE AND NEXT" facility to check and /or verify the details in the online application form and modify the same, if required. Visually Impaired candidates should fill the application form carefully and verify/ get the details verified to ensure that the same are correct prior to final submission.

(vii) Candidates are advised to carefully fill and verify the details filled in the online application themselves as no rectification will be possible/ entertained after clicking the COMPLETE REGISTRATION BUTTON.

(viii) The Name of the candidate or his /her Father/ Husband etc. should be spelt correctly and should be similar in the application as it appears in the Certificates/ Mark sheets/ ID Proofs. Any change/alteration found may disqualify the candidate.

(ix) Candidates are advised to validate their details and save the application by clicking the "Validate your details" and "Save & Next" button.

(x) Candidates can proceed to upload Photo, Signature, Thumb impression and Hand-written declaration as given under guidelines at (Annexure I).

(xi) Candidates can proceed to fill other details of the Application Form.

(xii) Click on the Preview Tab to preview and verify the entire application form before COMPLETE REGISTRATION BUTTON.

(xiii) Modify details, if required, and click on "COMPLETE REGISTRATION BUTTON." ONLY after verifying and ensuring that the photograph, signature, declarations uploaded and other details filled by you are correct.

(xiv) Click on "Payment" Tab and proceed for payment.

(xv) Choose the Payment Mode ONLINE and click on "Submit" button. NO CHANGE IS PERMITTED IN PAYMENT MODE ONCE CHOSEN.

## कोचीन शिपयार्ड लिमिटेड
## COCHIN SHIPYARD LIMITED
**(भारत सरकार का उद्यम) (A GOVERNMENT OF INDIA ENTERPRISE)**

# APPLICATIONS ARE INVITED FOR 1 Yr MARINE ENGINEERING TRAINING COMMENCING ON 1ST AUGUST / SEPTEMBER 2022

(Approved by Director General of Shipping, Ministry of Ports, Shipping and Waterways, Govt. of India)

1. **Course:** 1 Year Pre-sea Training for Graduate Engineers (GME).
2. **Eligibility:** Graduate in Mechanical Engineering / associated streams (with Mechanical as main subject) / Naval Arch / associated streams (with Naval Architecture as main subject) / BE Marine Engineering (Non DG Approved) with minimum 50% marks.
3. **Age Limit:** 28 Yrs as on 01/09/2022
4. **Details:** Visit CSL Website **www.cochinshipyard.in**→ Services and Products→ Marine Engineering→ Joining Instructions. Application form to be downloaded, filled up and e mailed to metihod@cochinshipyard.in. Hard copy to be sent by speed post / courier to HOD, MARINE ENGINEERING TRAINING INSTITUTE (METI), Vigyana Sagar, Girinagar - 682020, Ernakulam, Kerala before 31st JULY 2022.
   On successful completion of this course and mandatory shipboard training of 6 months, the GME is eligible to appear for MEO Class-IV COC exam conducted by DGS, GOI.
5. **Contact: E-mail: metihod@cochinshipyard.in, Telephone: 0484-4011596 / 2926264, Mobile - 8129823739 / 9447195982**

# અન્ય જાહેરખબર

**● KIOCL લિમિટેડ : બેંગલુરુ**

જગ્યાનું નામ : ચીફ જનરલ મેનેજર (એચઆર, ફિનાન્સ, કોમર્શિયલ, મટિરીયલ્સ)

જગ્યાની સંખ્યા : 04

ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : 23-6-2022

વેબસાઈટ : www.kioclltd.in

**● ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિ. : હૈદરાબાદ**

જગ્યાનું નામ : ટ્રેડ્સમેન-બી (ઈલેક્ટ્રોનિક મિકે. / રેડિયો એન્ડ ટીવી, ફિટર, ઈલેક્ટ્રિશીયન, મશીનિષ્ટ, ટર્નર), લોઅર ડિવિઝન ક્લાર્ક, લાઈટ વ્હીકલ ડ્રાઈવર

જગ્યાની સંખ્યા : 40+11+4

ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : 25-6-22

વેબસાઈટ : www.ecil.co.in

**● સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા : મુંબઈ**

જગ્યાનું નામ : સ્પેશ્યાલિસ્ટ ઓફિસર - આસિ. જનરલ મેનેજર (આઈ.ટી. - ટેક. ઓપરેશન્સ, ઈન બાઉન્ડ એન્જિનિયર, આઉટ બાઉન્ડ એન્જિનિયર, સિક્યુરિટી એક્ષપર્ટ), ડે. મેનેજર (નેટવર્ક એન્જિ., સાઈટ એન્જિનિયર કમાન્ડ સેન્ટર, સ્ટેટેસ્ટીશિયન)

જગ્યાની સંખ્યા : 32

ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : 12-6-22

વેબસાઈટ : www.sbi.co.in

**● ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી : ભુવનેશ્વર**

જગ્યાનું નામ : આસિ. ટેકનિકલ ઓફિસર, સુપ્રિન્ટેડન્ડ, જુનિ. લાયબ્રેરી ઈન્ફોર્મેશન સુપ્રિન્ટેન્ડન્ટ, ફિઝિયોથેરાપીસ્ટ, જુનિ. ટેક. સુપ્રિન્ટેન્ડન્ટ, જુનિ. આસિ., જુનિ. એકાઉન્ટન્ટ, જુનિ. પેથોલોજીસ્ટ, જુનિ. ટેકનિશિયન, જુનિ. લેબ આસિ., મલ્ટી ટાસ્કીંગ સ્ટાફ

જગ્યાની સંખ્યા : 83

વેબસાઈટ : http://www.iitbb.ac.in

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. 4-6-2022)**

# અ.જા. વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે કેન્દ્ર સરકારની ટોપ ક્લાસ એજ્યુકેશન માટે શિષ્યવૃત્તિ યોજના

અનુસૂચિત જાતિ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ ગરીબીના કારણે દેશની નામાંકિત શિક્ષણ સંસ્થાઓમાં પ્રાપ્ય શિક્ષણથી વંચિત ન રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા મહત્વની શિષ્યવૃત્તિ યોજના અમલમાં છે.

કેન્દ્ર સરકાર દ્વારા દેશની ટોપ મોસ્ટ શૈક્ષણિક સંસ્થાઓની યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ સંસ્થાઓમાં પ્રતિભાના જોરે પ્રવેશ મેળવનાર અ.જા. વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે અભ્યાસનો તમામ ખર્ચ કેન્દ્ર સરકાર ઉઠાવે છે.

હાલમાં આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ માટે લાયક વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦૦થી વધારીને ૪૨૦૦ કરવામાં આવી છે.

- **યોજનાનો હેતુ અને વ્યાપ :**

અ.જા. વર્ગના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે સુનિશ્ચિત કરવામાં આવે છે. તે માટે વિદ્યાર્થીને સંપૂર્ણ આર્થિક સપોર્ટ પૂરો પાડવામાં આવે છે.

આ શિષ્યવૃત્તિ હેઠળ ધો. ૧૨ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવે છે. કેન્દ્રિય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ સંસ્થાઓની સૂચિ પૈકી કોઈ એકમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને લાભ મળવાપાત્ર છે. શિષ્યવૃત્તિ માટે પાત્ર થયેલ વિદ્યાર્થીને અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધી આર્થિક સહાય મળે છે.

- **વિદ્યાર્થીની પાત્રતા :**

કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૮ લાખથી વધારે ન હોવી જોઈએ. વિદ્યાર્થીએ સૂચિત યાદી પૈકીની સંસ્થામાં જનરલ મેરિટના આધારે પ્રવેશ મેળવેલ હોવો જોઈએ. મંત્રાલય દ્વારા જે તે સંસ્થા માટે નિર્ધારીત કરેલ સંખ્યા પ્રમાણે શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. આ સંખ્યામાં ૩૦ ટકા અ.જા. વર્ગની વિદ્યાર્થીનીઓ માટે અનામત રહેશે. એક જ કુટુંબના બે થી વધુ વિદ્યાર્થીને લાભ મળી શકશે નહીં.

- **માન્ય શૈક્ષણિક સંસ્થાઓ :**
  - o બધી જ IIMs
  - o બધી જ IITs
  - o બધી જ IIITs
  - o બધી જ AIIMs
  - o બધી જ NITs
  - o બધી જ NIFTs
  - o બધી જ NIDs
  - o હોટલ મેનેજમેન્ટ સંસ્થા
  - o નેશનલ લૉ યુનિ. તેમજ કેન્દ્ર સરકાર દ્વારા માન્ય અન્ય સંસ્થાઓ
  - o કોમર્શિયલ પાયલોટ તાલીમ કોર્સ તથા તે પ્રકારના અન્ય કોર્સ કે જે DGCA દ્વારા માન્ય હોય તે માટે પણ લાભ મળવાપાત્ર છે.

- **મંત્રાલય દ્વારા આર્થિક સહાયનું ધોરણ :**

કેન્દ્રિય સા. ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા નિર્ધારિત શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મેળવનાર અ.જા. વર્ગના વિદ્યાર્થીઓને નીચે મુજબ આર્થિક સહાય મળી શકે છે.

- o સંપૂર્ણ ટ્યુશન ફી તથા અન્ય નોન-રિફંડેબલ ચાર્જીસ (પ્રતિ વિદ્યાર્થી રૂ. ૨ લાખની વાર્ષિક મર્યાદા) કોમર્શિયલ પાયલોટ માટે રૂ. ૩.૭૨ લાખ સુધીની મર્યાદામાં સહાય.
- o રહેવા જમવા માટે વિદ્યાર્થિ દીઠ પ્રતિ માસ રૂ. ૩૦૦૦
- o પુસ્તકો-સ્ટેશનરી માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૫૦૦૦
- o સ્ટાન્ડર્ડ કંપનીના કોમ્પ્યુટર/લેપટોપ એસેસરીઝ સહિત વસાવવા સમગ્ર અભ્યાસક્રમ દરમિયાન વિદ્યાર્થી દીઠ એકવાર રૂ. ૪૫,૦૦૦ની સહાય
- o મંત્રાલય દ્વારા માન્ય સંસ્થાએ તેમની માહિતી પુસ્તિકા તથા વેબસાઈટ ઉપર આ યોજના વિશે માહિતી પૂરી પાડવાની રહેશે. જેથી અ.જા. વર્ગના વિદ્યાર્થીઓ લાભ લઈ શકે.
- o અ.જા. વર્ગના વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે નેશનલ સ્કોલરશીપ પોર્ટલ (NSP) ઉપર અરજી કરવાની રહે છે.
- o વધુ વિગતો માટે વેબસાઈટ : www.socialjustice.gov.in જોવી.

## મહત્ત્વની પરીક્ષાઓની ટીટબીટ્સ

- **JEE - Main :**

**શા માટે ?** : ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીસ (IITs), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી (IITs), તેમજ ભારતની અન્ય શ્રેષ્ઠ એન્જિનિયરીંગ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે યોજાતી અખિલ ભારતીય પ્રવેશ પ્રક્રિયા

**ફિલ્ડ** : એન્જિનિયરીંગ

**યોગ્યતા** : ધો. 12 સાયન્સ

**વિષય** : ફિઝિક્સ, કેમિસ્ટ્રી, મેથ્સ.

કેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી ? - 12 લાખ

કેટલા વિદ્યાર્થી ક્વોલિફાય થયા ? - 2.20 લાખ

પરીક્ષાની પેટર્ન : હેતુલક્ષી બહુ વિકલ્પ આધારિત તથા ખાલી જગ્યા પૂરો પ્રકારના પ્રશ્નો

કોલેજની સંખ્યા : IITs, NITs અને 100 કોલેજ

સમય અવધિ : 3 કલાકમાં 75 પ્રશ્નો

પરીક્ષાનું સ્તર : મધ્યમથી કઠિન

તૈયારીનો સમય : 2 વર્ષ

ક્યારે યોજાય છે ? - વર્ષમાં બે વાર - જાન્યુ. અને એપ્રિલ

- **JEE Advanced :**

શા માટે ? : ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (IITs)માં પ્રવેશ મેળવવા માટે યોજાતી અખિલ ભારતીય પરીક્ષા

ફિલ્ડ : એન્જિનિયરીંગ

યોગ્યતા : ધો.-12 સાયન્સ

વિષય : કેમેસ્ટ્રી, ફિઝિક્સ, મેથ્સ.

કેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી ? - 12 લાખ

કેટલા વિદ્યાર્થિ ક્વોલિફાય થયા ? - 20 હજાર

પરીક્ષાની પેટર્ન : હેતુલક્ષી પ્રશ્નો

પેપરની પેટર્ન : અનિર્ધારિત

કોલેજની સંખ્યા : 23 IITs

પરીક્ષાનું સ્તર : કઠીન

તૈયારીનો સમય : બે વર્ષ

ક્યારે યોજાય છે ? - એપ્રિલથી જૂન

- **BITSAT :**

શા માટે ? : બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ સાયન્સ (BITS)ના દેશમાં આવેલા ત્રણ કેમ્પસમાં ચાલતા એન્જિનિયરીંગ અને ફાર્મસી કોર્સમાં પ્રવેશ માટેની યુનિ. કક્ષાની પરીક્ષા

ફિલ્ડ : એન્જિનિયરીંગ અને ફાર્મસી

યોગ્યતા : ધો. 12 સાયન્સ

વિષય : કેમેસ્ટ્રી, ફિઝિક્સ, મેથ્સ. / બાયોલોજી, અંગ્રેજી અને લોજીકલ રીઝનીંગ (LR)

પરીક્ષા આપનારવિદ્યાર્થીઓની સંખ્યા - 1.80 લાખ

બેઠકો : 2000

પ્રશ્નપત્રનું સ્વરૂપ : બહુવિકલ્પ આધારીત હેતુલક્ષી પ્રશ્નો

પેપર પેટર્ન : 3 કલાકમાં 150 પ્રશ્નો

તૈયારીનો સમય : 2 વર્ષ

પરીક્ષાનું સ્તર : મધ્યમ

ક્યારે યોજાય છે ? - એપ્રિલથી જુલાઈ

- **આર્કિટેકચરના કોર્સમાં પ્રવેશ માટે મહત્ત્વની NATA એન્ટ્રન્સ ટેસ્ટ**

ભારતની પ્રતિષ્ઠિત આર્કિટેકચર કોલેજોમાં ચાલતા બી-આર્કના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે National Aptitude Test (NATA) આપવાની રહે છે.

0 **પ્રવેશ માટે યોગ્યતા :** ધો. 12માં મેથ્સ ફરજિયાત વિષય રાખ્યો હોય તેઓ આ પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે છે. NATA ઓલાઈન અને ઓફલાઈન એમ બે રીતે યોજાય છે. પરીક્ષાનો ભાગ-એ ઓનલાઈન આપવાનો છે. ભાગ-બી ઓફલાઈન આપવાનો છે.

0 **JEE MAIN PAPER-2 :** CBSE બોર્ડ દ્વારા સંયુક્ત રીતે આ પરીક્ષા યોજાય છે. આ પરીક્ષા ખૂબ કઠીન પ્રકારની છે. દેશની ટોપ આર્કિટેકચરલ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ માટે આ ટેસ્ટ મહત્ત્વની છે. આ પરીક્ષા દર વર્ષે એપ્રિલ માસમાં યોજાય છે.

0 યોગ્યતાનું ધોરણ : ધો. 12ની પરીક્ષામાં 75 ટકાથી વધુ ગુણ મેળવેલા હોવા જોઈએ. ધો. 12માં મેથ્સ. વિષય ફરજિયાત હોવો જોઈએ.

# ક્યા મેળાને કચ્છની ગ્રામ્ય સંસ્કૃતિના અરીસા સમાન ગણાવામાં આવે છે?

**1. કવિ ભાલણે મહાકવિ બાણભટ્ટ રચિત કયા સંસ્કૃત ગ્રંથનું ગદ્ય રૂપાંતરણ કર્યું હતું ?**
અ. સુભાષિતા બ. અલકનંદા
ક. કાદંબરી ડ. મંદાકિની

**2. સંસદનું કયું સત્ર સૌથી નાનું હોય છે?**
અ. બજેટ સત્ર બ. ચોમાસુ સત્ર
ક. શિયાળુ સત્ર ડ. પંગુ સત્ર

**3. ન્યુટનની ગતિનો પહેલો નિયમ શાની વ્યાખ્યા આપે છે?**
અ. સ્થિરતાની બ. બળની
ક. વેગની ડ. ગતિની

**4. ત્રિગુણી રસી નીચેનામાંથી કયા રોગ સામે રક્ષણ આપતી નથી?**
અ. ધનુર બ. ખાંસી
ક. ડિફથેરિયા ડ. પ્લેગ

**5. ગરુડ નો પર્યાય જણાવો?**
અ. શ્યેન ક. વાયસ
બ. ફીર ડ. અકાબ

**6. નીચેનામાંથી કઈ અદાલત દેશની પ્રથમ પેપરલેસ અદાલત બની છે?**
અ. કેરળ બ. કર્ણાટક
ક. તમિલનાડુ ડ. આંધ્રપ્રદેશ

**7. રેલવે બોર્ડના નવનિયુક્ત ચેરમેન કોણ છે?**
અ. પ્રકાશ મલ્હોત્રા બ. વિનયકુમાર ત્રિપાઠી
ક. રાહુલા સચદેવા ડ. પ્રમોદ અગ્નિહોત્રી

**8. વિશ્વ બ્રેઈલ દિવસ (World Braille day) ક્યારે મનાવાય છે ?**
અ. ૪ - જાન્યુ. બ. ૮ - મે
ક. ૧૧ - જુન ડ. ૧૯ - નવે.

**9. ગુજરાતમાં કયું લોકનૃત્ય કરતી વખતે લાકડીને ધરતી પર પછાડવામાં આવે છે ?**
અ. ટિપ્પણી બ. ઠાગા
ક. ગોફ ગૂંથણ ડ. ધમાલ

**10. કોઈપણ સંસદ સભ્ય ગૃહની મંજૂરી વગર કેટલા દિવસ સુધી ગેરહાજર રહે તો તે ગૃહનું સભ્યપદ ગુમાવે છે?**
અ. ૬૦ બ. ૯૦
ક. ૪૫ ડ. ૫૦

**11. પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કયા પ્રસિધ્ધ સમાજ સેવિકાનું ૭૪ વર્ષની વયે જાન્યુ - ૨૦૨૨ માં નિધન થયું હતું?**
અ. ઉર્વશી સાહની બ. સ્વાતિ બેડેકર
ક. સિંધુતાઈ સપકાલ ડ. દિવ્યા ગુપ્તા

**12. ખેલો ઈન્ડિયા - ૨૦૨૩ ના યજમાનપદે કયા રાજ્યની પસંદગી કરી છે?**
અ. મધ્યપ્રદેશ બ. ગુજરાત
ક. તેલંગાણા ડ. રાજસ્થાન

**13. કઈ રાજ્ય સરકારે 'કિસાન સૂર્યોદય યોજના' શરૂ કરી છે?**
અ. પંજાબ બ. બિહાર
ક. ગુજરાત ડ. કેરળ

**14. દુર્લભ ધાતુ વેનેડિયમ ભારતના કયા રાજ્યમાંથી મળી આવે છે?**
અ. તમિલનાડુ બ. બિહાર
ક. અરૂણાચલ પ્રદેશ ડ. મહારાષ્ટ્ર

**15. ડીએનએ (DNA) નો અણુ લગભગ કેટલી પહોળાઈનો હોય છે?**
અ. ૧ mm બ. ૨ mm
ક. ૩ mm ડ. ૪ mm

**16. પાણીની ઘનતા સૌથી વધારે કયા તાપમાને હોય છે?**
અ. ૧૨°C બ. ૪°C ક. ૨૮°C ડ. ૩૫°C

**17. કયો રોગ લોહીના રક્તકણોનો નાશ કરે છે?**
અ. કમળો બ. મેલેરીયાક.
ક. ન્યુમોનિયા ડ. થેલેસેમિયા

**18. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી લડનાર ઉમેદવારને કેટલા સંસદ સભ્યો દરખાસ્ત મૂકનાર અને કેટલા સભ્યોનું સમર્થન જરૂરી છે?**
અ. ૧૫-૨૦ બ. ૨૦-૨૫
ક. ૨૦-૨૦ ડ. ૨૫-૩૦

**19. છોડના પાંદડા કયા તત્ત્વની ઘટને કારણે ભૂરા થઈ જાય છે?**
અ. તાંબુ બ. ઝિંક
ક. બોરોન ડ. મેંગેનીઝ

**20. ગુજરાતના કયા બંદરે પાનામેક્સ નામક જહાજો લાંગરી શકે છે?**
અ. ઓખા બ. કંડલા
ક. સિક્કા ડ. મુંદ્રા

**21. રાનિલ વિક્રમસિંઘે કયા દેશના ૨૬મા પ્રધાનમંત્રી બન્યા?**
અ. જાપાન બ. શ્રીલંકા
ક. ભૂતાન ડ. નેપાલ

**22. ભારતના કયા રાજ્યમાં તાજેતરમાં ટમાટર ફ્લૂના કેસ નોંધાયા છે?**
અ. તેલંગાણા બ. કર્ણાટક
ક. કેરળ ડ. તમિલનાડુ

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**
*- હેમંત પટેલ*

**23. મે - ૨૦૨૨ માં જેમનું નિધન થયું, તે પંડિત શિવકુમાર શર્માના પિતાનું નામ શું હતું?**
અ. પં. રામદત શર્મા બ. પં. ઉમાદત
ક. પં. શ્યામદત શર્મા ડ. પં. દીનદયાળ શર્મા

**24. કયા દિવંગત ફોટોગ્રાફરને ૨૦૨૨નો પુલિત્ઝર એવોર્ડ મળ્યો છે?**
અ. દાનિશ સિદીકી બ. નાસિર હુસૈન
ક. ઈબ્રાહિમ શેખ ડ. ઐયુબ પઠાણ

**25. વર્ષમાં બે વાર મનાવાતો આતંરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ ક્યારે - ક્યારે મનાવાય છે?**
અ. ૨ મે - ૨૬ સપ્ટે. બ. ૧૨ માર્ચ - ૨૨ સપ્ટે.
ક. ૧૯ ઓક્ટોબર-૨૦ જુલાઈ ડ. ૧૨ સપ્ટે-૧૫ ઓક્ટોબર

**26. માણેક અને નીલમને કયા રાસાયણિક નામે પણ ઓળખવામાં આવે છે?**
અ. એલ્યુમિનિયમ ઓક્સાઈડ બ.કાર્બન ઓક્સાઈડ
ક. સિલિકોન ઓક્સાઈડ ડ. બોરોન ઓક્સાઈડ

**27. અકોટ એટલે શેનું વૃક્ષ થશે?**
અ. દાડમ બ. જાયફળ
ક. સોપારી ડ. બીલી

**28. વિરમશાહ સત્યાગ્રહનો મોરચો કોણે સંભાળ્યો હતો?**
અ.શામળદાસ ગાંધીએ બ. મણિલાલ કોઠારીએ
ક. અમૃતલાલ શેઠે ડ. મહાદેવભાઈ દેસાઈએ

**29. લિંગ પૂજાનો સ્પષ્ટ ઉલ્લેખ કયા પુરાણમાં જોવા મળે છે?**
અ. ભાગવત પુરાણ બ. મત્સ્ય પુરાણ
ક. અગ્નિ પુરાણ ડ. વિષ્ણુ પુરાણ

**30. ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ સોયાબીનનું ઉત્પાદન મળે છે?**
અ. મધ્યપ્રદેશ બ. અરૂણાચલ પ્રદેશ
ક. ગુજરાત ડ. તમિલનાડુ

**31. 'હું ખોટો નથી એ કેમ સિધ્ધ કરું?'- વાક્યમાં પ્રશ્નવાચક વિશેષણ ઓળખાવો.**
અ. ખોટો નથી ક. સિધ્ધ
બ. કેમ ડ. કરું

**32. મહાદેવભાઇ દેસાઇનો જન્મ ક્યારે થયો હતો?**
અ. ૧-૧-૧૮૯૨ બ. ૨-૨-૧૮૯૩
ક. ૩-૩-૧૮૯૪ ડ. ૪-૪-૧૮૯૫

**33. ગાંધીજી જ્યાં ભણ્યા હતા , એ શામળદાસ કોલેજ ક્યાં આવેલી છે?**
અ. જામનગર બ. રાજકોટ
ક. પોરબંદર ડ. ભાવનગર

**34. તાજેતરમાં નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યની મુલાકાત વખતે દૂધવાણી નામક એક સામુદાયિક રેડિયો સ્ટેશનનું ઉદ્‌ઘાટન કર્યું?**
અ. ગુજરાત બ. પંજાબ
ક. કર્ણાટક ડ. રાજસ્થાન

**35. આમાં શ્રીકૃષ્ણના પિતરાઈ કાકા કોણ હતા?**
અ. અશોક બ. અંકુર
ક. અક્રૂર ડ. અક્ષત

**36. કયા મેળાને કચ્છની ગ્રામ્ય સંસ્કૃતિના અરીસા સમાન ગણાવામાં આવે છે?**
અ. હાજીપીરનો મેળો બ. રવાડીનો મેળો
ક. રવેચીનો મેળો ડ. કરોલપીર મેળો

**37. આઇપીએલમાં ૬,૦૦૦ રન બનાવનાર બીજો ક્રિકેટર કોણ છે?**
અ.રોહિતા શર્મા બ. ડેવિડ વોર્નર
ક. સુરેશ રૈના ડ. શિખર ધવન

**38. નક્ષત્રોની કુલ સંખ્યા કેટલી છે ?**
અ. ૨૨ ક. ૩૨
બ. ૨૭ ડ. ૪૫

**39. તાજેતરમાં, કોલસાનું પરિવહનકર્તા કયા જહાજની નવલખી પોર્ટ ખાતે જળસમાધિ થઈ હતી?**
અ. શાર્ક બ. તાર્જ
ક. બાર્જ ડ. ફર્જ

**40. કલાન્ત કવિ અને બાલ ઉપનામથી સાહિત્યસર્જન કરનાર સાહિત્યકાર કોણ હતા?**
અ. રમણલાલ દેસાઈ બ.ઈશ્વર પેટલીકર
ક. પન્નાલાલ પટેલ ડ. બાલાશંકર કંથારિયા

**41. કાર્તિક વદ - ૧૧ એટલે કઈ એકાદશી?**
અ. અજા બ.અપરા
ક. જયા ડ.ઉત્પતિ

**42. 'સ્વિંગ'- શબ્દ કઈ રમત સાથે સંકળાયેલો છે?**
અ. સ્વિમિંગ બ. ગોલ્ફ
ક. બોક્સિંગ ડ. શતરંજ

**43. દાદા સાહેબ ફાળકે એવોર્ડની શરૂઆત ક્યારથી થઈ?**
અ.૧૯૬૫ બ. ૧૯૬૭
ક.૧૯૬૯ ડ. ૧૯૭૧

**44. આડા બે લાલ પટ્ટાની વચ્ચે એક સફેદ પટ્ટો - આ રાષ્ટ્રધ્વજ કયા દેશનો?**
અ. ફ્રાંસ બ. ગ્રીસ
ક. બેલ્જિયમ ડ. ઓસ્ટ્રિયા

**45. ડો. બાબાસાહેબ આંબેડકરની સમાધિ કયા નામે ઓળખાય છે?**
અ. શાંતિવન બ. ચૈત્યભૂમિ
ક. રાજઘાટ ડ. નર્મદાઘાટ

**46. ઉષા ખન્ના ફિલ્મક્ષેત્રે કઈ બાબતે સંકળાયેલાં હતાં?**
અ. અભિનય બ. નિર્માણ
ક. સંગીતકાર ડ. ગીતકાર

**47. માઈક્રોફોનના શોધક કોણ હતા?**
અ.ચાર્લ્સ પર્સન બ. થેલ્સ
ક. લેન્ડ સ્ટેઈનર ડ. થોમસ આલ્વા એડિસન

**48. પંચાગ એટલે તિથિ - વાર - નક્ષત્ર - યોગ અને પાંચમું શું?**
અ. તારીખ બ.મુહૂર્ત
ક. તારણ ડ. કરણ

**જવાબો :**

**(1-ક) (2-ક) (3-બ) (4-ડ) (5-ડ) (6-અ) (7-બ) (8-અ) (9-અ) (10-અ) (11-ક) (12-અ) (13-ક) (14-) (15-બ) (16-બ) (17-ડ) (18-ક) (19-ડ) (20-ડ) (21-બ) (22-ક) (23-બ) (24-અ) (25-અ) (26-અ) (27-ક) (28-બ) (29-) (30-અ) (31-બ) (32-અ) (33-ડ) (34-અ) (35-ક) (36-બ) (37-ડ) (38-બ) (39-ક) (40-ડ) (41-ડ) (42-ક) (43-ક) (44-) (45-બ) (46-ક) (47-ડ) (48-ડ)**

# ધોરણ-૧૦ પછીના વિકલ્પો

અત્યાર સુધી આપે કરેલ અભ્યાસમાં મતલબ કે ધોરણ ૧ થી નવ સુધી આગળના ધોરણમાં પ્રવેશ મેળવવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો, પરંતુ ધોરણ - ૧૦ પાસ કર્યા બાદ કારકિર્દીના ઘડતર માટે ઘણા વિકલ્પો રહેલા છે . આ વિકલ્પોમાંથી કયો વિકલ્પ પસંદ કરવો તેની મૂઝવણ આપને થતી જ હશે. આ મૂઝવણનો ઉપાય આપ જ શોધી શકો છો. આપની રસ, રુચિ, ક્ષમતા વગેરેને ધ્યાને લઈ યોગ્ય વિકલ્પો પસંદ કરીને ઉજ્જવળ ભવિષ્યનું ઘડતર કરવું શક્ય છે. ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે ધોરણ - ૧૦ પછીના વિવિધ વિકલ્પો નીચે મુજબ છે.

**ધોરણ-૧૦ પછીના મુખ્ય વિકલ્પો**

- ધોરણ: ૧૧ - ૧૨માં અભ્યાસ
- ડિપ્લોમા અભ્યાસક્રમ
- ITI અભ્યાસક્રમ
- કૃષિ વિષયક અભ્યાસક્રમ
- અન્ય અભ્યાસક્રમો
- સંરક્ષણ દળ ક્ષેત્રે કારકિર્દી

**ધોરણ:૧૧ - ૧૨માં અભ્યાસ :**

ધોરણ-૧૦ પાસ કર્યા પછી ધો.-૧૧ સામાન્ય પ્રવાહમાં પ્રવેશ લઈ શકાય છે. સ્ટાન્ડર્ડ ગણિત સાથે ધોરણ-૧૦ પાસ થયેલ વિદ્યાર્થીઓ ધો.- ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં A GROUP માં અને બેઝિક ગણિત સાથે ધોરણ-૧૦ પાસ થયેલ વિદ્યાર્થીઓ ધો.- ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં B GROUPમાં પ્રવેશ મેળવી શકે છે.

ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહ પાસ કર્યાબાદ B.A., B.COMમાં સ્નાતક થઈને G.P.S.C., UPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી શકાય છે.

ધો.- ૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ કર્યા બાદ NEET,GUJ-CAT જેવી પ્રવેશ પરીક્ષામાં ઉચ્ચ સ્કોર પ્રાપ્ત કરી મેડિકલ, ઈજનેરી, ફાર્મસી તેમજ બી.એસસી.માં સ્નાતક થઈને G.P.S.C., UPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી શકાય છે.

**ડિપ્લોમા અભ્યાસક્રમો :**

ધોરણ ૧૦ પછીના વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં ડિપ્લોમા એન્જિનિયરિંગ મોખરે છે. ડિપ્લોમા સરકારી કોલેજોમાં અને સ્વનિર્ભર કોલેજોમાં રેગ્યુલર અભ્યાસક્રમ ઉપલબ્ધ છે જેમાં અંદાજીત ૩૧ જેટલા અભ્યાસક્રમો છે. જ્યારે ડિસ્ટન્સ લર્નિંગ મોડ સિવિલ ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ અભ્યાસક્રમોમાં જ ઉપલબ્ધ છે

**વધુ માહિતી માટે સંપર્ક કરો**

(ACPC) એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ, એડમિશન બિલ્ડીંગ, સરકારી પોલિટેકનિક, પાંજરાપોળ પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ અથવા GTU, ગાંધીનગર હાઈવે, અમદાવાદ.

વેબસાઈટ : www. gujacpc.nic.in

- ફાઈન આર્ટ્સ ડિપ્લોમા અને મલ્ટિમીડિયાના અભ્યાસક્રમો:-
  - ડિઝાઈનનું ફિલ્ડ
  - જાહેરાતની દુનિયા
  - ફાઈન આર્ટ ડિપ્લોમા
  - ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગ
  - સ્કલ્પચર એન્ડ મોડેલિંગ
  - એપ્લાઈડ/કોમર્શિયલ આર્ટ

**I.T.I. કક્ષાના અભ્યાસક્રમો :**

આજના ટેકનિકલ યુગમાં તાલીમ પામેલા ટેકનિશિયનોની જરૂરિયાત હોય એ સ્વાભાવિક છે. આ પ્રકારની કારકિર્દી ઘડવા માટે I.T.I. નાં અભ્યાક્રમો ઉપલબ્ધ છે. આ અભ્યાસક્રમોને મુખ્યત્વે બે પ્રકારમાં વહેંચી શકાય.

1. N.C.V.T. નાં રાષ્ટ્રિય કક્ષાના અભ્યાસક્રમો.
2. G.C.V.T. પેટર્નનાં રાજ્ય કક્ષાના અભ્યાસક્રમો

ઉપરોક્ત અભ્યાસક્રમો પૈકી N.C.V.T. પેટર્નનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરનારને નેશનલ ટ્રેડ સર્ટિફિકેટ અને G.C.V.T. પેટર્નનો અભ્યાસક્રમ સફળતા પૂર્વક પાસ કરનારને સ્ટેટ સર્ટિફિકેટ આપવામાં આવે છે. અત્યારે આપણા રાજ્યમાં દરેક તાલુકા મથકે I.T.I. ની સંસ્થા છે. સરકારી અને ગ્રાન્ટેડ સંસ્થાઓ છે. આ I.T.I. સંસ્થામાં ઘણા લાંબા અને ટૂંકા ગાળાના અભ્યાસક્રમો ચાલે છે. સરકારી ધારા-ધોરણ મુજબ તેમાં પ્રવેશ અપાય છે. I.T.I. માં લગભગ ૧૨૫ પ્રકારના કોર્સ ચાલે છે. રોજગાર મેળવવા માગતા યુવાનો માટે I.T.I. આશીર્વાદરૂપ છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો.રોજગાર તાલીમ નિયામકશ્રીની કચેરી, ૧/૩ ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.www.talimrojgar.org/ www.itiadmission.guj.nic.in

**કૃષિ વિષયક અભ્યાસક્રમો :**

ભારત કૃષિપ્રધાન દેશ હોવાથી કૃષિ અને પશુ પાલન સૌથી વધારે મહત્વ ધરાવે છે. પશુ પાલન ક્ષેત્રે તો ગુજરાત કદાચ સૌથી મોખરે છે.

**ડિપ્લોમા અભ્યાસક્રમો**

- કૃષિ ડિપ્લોમા
- બાગાયત ડિપ્લોમા
- કૃષિ ઈજનેરી
- કૃષિ સહાકાર, બેન્કિંગ અને માર્કેટિંગ
- ગૃહ વિજ્ઞાન ( બહેનો માટે)
- ચિકિત્સા અને પશુપાલન
- ન્યુટ્રીશન એન્ડ ડાયટેટીક્સ

**સર્ટિફિકેટ અભ્યાસક્રમો**

- પશુધન નિરીક્ષક તાલીમ
- ગૃહવિજ્ઞાન તાલીમ
- બેકરી તાલીમ
- બેકિંગ ટેક્નોલોજી
- મરઘા ઉછેર તાલીમ
- ગ્રામ્ય કારીગર તાલીમ
- માળી તાલીમ
- કામધેનુ યુનિવર્સિટી - ગાંધીનગર- www.ku_guj.org
- સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી દાંતીવાડા - www.sdau.edu.in
- આણંદ કૃષિ યુનિવર્સિટી- www.aau.in
- જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી- www.jau.in
- નવસારી કૃષિ યુનિવર્સિટી- www.nau.in

**સર્ટિફિકેટ અભ્યાસક્રમો:**

- **પશુધન નિરીક્ષક :** (લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર)

લાયકાત:-ધોરણ ૧૦ પાસ અંગ્રેજી સાથે. ખેડૂત પુત્રને ૫% વેઈટેજ આપવામાં આવે છે.

- **ગૃહ વિજ્ઞાન તાલીમ :**

ધોરણ ૧૦ પાસ. બે વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ.

- **બેકરી તાલીમ :**

ધોરણ ૧૦ પાસ. બેકરી સંસ્થામાંથી બે વર્ષનો બેકરી ઉદ્યોગનો અનુભવ ધરાવનાર માટે ધોરણ-૯ પાસ. ઉમર - ૧૫ થી ૩૫ વર્ષ

મુદત:-૨૦ અઠવાડિયાનો કોર્સ

- **બેકિંગ ટેક્નોલૉજી :**

મુદત:- ૨૦ અઠવાડીયા (૨૫ બેઠકો)

પ્રવેશ લાયકાત : ધોરણ-૧૦ પાસ

- **મરઘા ઉછેર તાલીમ :** ધોરણ-૭ પાસ

મુદત : ૧૦ અઠવાડિયાનો કોર્સ

- **ગ્રામ્ય કારીગર તાલીમ :** ધોરણ-૭ પાસ, મુદત : ૯ માસ

ખેતીવાડીમાં વપરાતા ઓજારો બનાવવા, રીપેર કરવા અંગેનો ધંધો શરૂ કરી સ્વરોજગારી મેળવી શકાય છે.

- **માળી તાલીમ:-** ધોરણ- ૭ પાસ

મુદત:- છ માસનો પ્રમાણપત્ર કોર્સ

બાગ-બગીચા, ફાર્મ તેમજ પાર્કમાં સુપરવાઈઝરની જોબ મળે છે. ઈચ્છુક ઉમેદવારો સ્વતંત્ર કામ કરી શકે છે.

**ડિપ્લોમા અભ્યાસક્રમો:-**

અંગ્રેજી વિષય સાથે ધોરણ ૧૦ પાસ. અથવા માન્ય સમકક્ષ બોર્ડની પરીક્ષા સાથે પાસ કરેલ હોય તેવા ઉમેદવારો આ કોર્સ માટે અરજી કરી શકે છે.

- **કૃષિ ડિપ્લોમા :-** અંગ્રેજી વિષય સાથે ધોરણ -૧૦ પાસ

મુદત:- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

- **બાગાયત ડિપ્લોમા:-** ધોરણ -૧૦ પાસ

મુદત:- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

- **કૃષિ ઈજનેરી :-** ધોરણ -૧૦ પાસ

મુદત:- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

- **ગૃહ વિજ્ઞાન ડિપ્લોમા** (બહેનો માટે)

અંગ્રેજી વિષય સાથે ધોરણ:-૧૦ પાસ

મુદત:- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

- **ચિકિત્સા અને પશુપાલન :-** અંગ્રેજી વિષય સાથે ધોરણ:-૧૦ પાસ

મુદત:- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

**સ્વરોજગારીની તકો:-**

કૃષિક્ષેત્રે નિપુણ ઉમેદવારો પોતાની આવડત, કુશળતા અને અનુભવના આધારે ખેતીવાડી ક્ષેત્રે સ્વ-રોજગારી ઊભી કરી શકે છે જેવી કે જંતુનાશક દવાઓ બનાવવી અને ખેતીવાડીમાં વપરાતા ઓજારો બનાવવા તેમજ જથ્થાબંધ અને છૂટક વેચાણ કરી સ્વ-રોજગારી ઊભી કરી શકે છે. વેટરનરી તથા ડેરી ઉદ્યોગ શરૂ કરીને સ્વ-રોજગારી મેળવી શકે છે.

ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે મળતા અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવેલો છે. જે અંગે વધુ વિગતો તેમજ અદ્યતન માહિતી માટે જે-તે કૃષિ યુનિવર્સિટીનો સંપર્ક કરી શકાય.

**IGNOU (ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી)નાં અભ્યાસક્રમો :**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાં સર્ટિફિકેટ તેમજ અન્ય અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. આ અભ્યાસક્રમોનું માધ્યમ હિંદી અથવા અંગ્રેજી રહે છે.

**વધુ માહિતી માટે સંપર્ક કરો.**

S. G. હાઈવે, છારોડી- અમદાવાદ

વેબસાઈટ:- www.ignou.ac.in

**BAOU (ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)નાં અભ્યાસક્રમો :**

ધોરણ-૧૦ પછી જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૧ તેમજ

૧૨ની પરીક્ષા આપી શક્યા નથી અથવા અભ્યાસ છોડી દીધો હોય તેવા વિદ્યાર્થીઓ જો વધુ અભ્યાસ કરવા માંગતા હોય તે વિદ્યાર્થીઓએ BPEની પરીક્ષા પાસ કરી ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં સીધા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત અન્ય અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ છે.

માહિતી માટે સંપર્ક કરો

ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

નિરમા યુનિવર્સિટીની બાજુમાં,

S. G. હાઈવે, છારોડી- અમદાવાદ

વેબસાઈટ:- www.baou.org

**ઈન્ડો-જર્મન ટૂલ રૂમના જોબ ઓરીએન્ટેડ કોર્ષ :**

ઈન્ડો-જર્મન ટુલરૂમ નામની સંસ્થા અમદાવાદમાં વટવા જી.આઈ.ડી.સી. ખાતે આવેલી છે. ભારત સરકારની Ministry Of Small.. ISO ૯૦૦૧-૨૦૦૦ સર્ટિફાઈડ ટ્રેનિંગ સેન્ટર છે. આ સંસ્થાના પ્રોફેશનલ અભ્યાસક્રમોની Industryમાં ડિમાન્ડ સારી છે.

- ડિપ્લોમા ઈન ટૂલરૂમ એન્ડ ડાયમેકિંગ - (DMT)
- સર્ટીફિકેટ ઈન ટૂલરૂમ એન્ડ ડાયમેકિંગ
- પોસ્ટ ડિપ્લોમા ઈન CAD/CAM વગેરે અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

મુદત:- ૩ માસથી ૪ વર્ષ- કોર્સ મુજબ ફુલ ટાઈમ

વધુ માહિતી માટે સંપર્ક કરો

ઈન્ડો-જર્મન ટૂલ રૂમ, ૫૦૦૩, ફેઝ-૪, GIDC-વટવા, અમદાવાદ. વેબ સાઈટ www.igtrahd.com

**અન્ય અભ્યાસક્રમો**

**ડી-ફાર્મસી (આયુર્વેદ) :** મુદત:- બે વર્ષ

સંસ્થા:- IPS (INSTITUTE OF PHARMASUTICAL SCIENCE)

C/O ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, એ. કે. જમાલ બિલ્ડીંગ, ગુરુ નાનક રોડ, જામનગર.

વેબસાઈટ: ayurveduniversity.com

**ફીમેલ હેલ્થ વર્કર :** વિવિધ જિલ્લાઓમાં આવેલી જિલ્લા પંચાયત હેઠળની સરકારી હોસ્પિટલોમાં ફિમેલ હેલ્થ વર્કરનો અભ્યાસ ચાલતો હોય છે.

મુદત:- ૧૮ માસ, વય:- ૨૫ થી ૩૫ વર્ષની બહેનો માટે.

વધુ માહિતી માટે સંપર્ક કરો.

આ અંગે જિલ્લા પંચાયત દ્વારા જાહેરાત બહાર પાડવામાં આવે છે. આ માટે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયતનો સંપર્ક કરવો.

**આયુર્વેદ કમ્પાઉન્ડર :** સંસ્કૃત વિષય સાથે ધોરણ:- ૧૦ પાસ.

મુદત:- એક વર્ષ વય:- ૧૬ થી ૨૩ વર્ષ

સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, આજવા રોડ, વડોદરા.

**સેનેટરી ઈન્સ્પેક્ટર ડિપ્લોમા :** ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ (LSG) રાજકોટ, સુરત, વડોદર, અમદાવાદ ખાતે સેનેટરી ઈન્સ્પેક્ટર ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલે છે.

ધોરણ:- ૧૦ પાસ. મુદત:- ૧૮ માસ

સંસ્થા:- ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સેલ્ફ ગવર્નમેન્ટ,

બરફીવાલા ભવન, કામા હોટેલની સામે, ખાનપુર, અમદાવાદ.

વેબસાઈટ: www.aiilsg.org

**ફાયરમેન કોર્સ :** ધોરણ:- ૧૦ પાસ, મુદત : ૧ વર્ષ

જે ઉમેદવારે સાહસિકવૃત્તિ, શારીરિક ક્ષમતા અને રોમાંચક કારકિર્દી બનાવવી હોય તેવા લોકો આ અભ્યાસક્રમ પસંદ કરે છે.

સંસ્થા:- ગુજરાત સરકારનાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા G.C.V.T. માન્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થા. વેબ સાઈટ: www.talimrojgar.org/www.itiadmission.guj.nic.in

**રોજગારીની તકો :** સરકારી ક્ષેત્રોમાં, મ્યુનિસિપાલિટી તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતનાં ફાયર સ્ટેશન, સંરક્ષણ ક્ષેત્રે, રેલ્વે, એરપોર્ટ, જીઈબી વગેરેમાં નોકરીની સારી તકો છે.

**સંરક્ષણદળ :** ભારતીય ભૂમિદળમાં જોડાવવાની પ્રવેશ પરીક્ષાઓ સુવર્ણ તક પૂરી પાડે છે. આ ભરતી પ્રક્રિયા ગુજરાતમાં લશ્કરી ભરતી કાર્યાલય દ્વારા જિલ્લા અથવા તાલુકા મથકોએ થાય છે. તેમાં જિલ્લાની રોજગાર કચેરીઓ મદદરૂપ બને છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો:-

૧. આર્મી રિક્રુટમેન્ટ કચેરી, કેમ્પના હનુમાન મંદિરની સામે, કેન્ટોન્મેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ.

૨. આર્મી રિક્રુટમેન્ટ કાર્યાલય, સેનેટોરીયમ પાસે, જી.જી. હોસ્પિટલ રોડ, જામનગર

વેબસાઈટ:-www.joinindianarmy.nic.in

**વિવિધ જગ્યાઓ માટે યુવાનોની ભરતી :**

**૧. સોલ્જર જનરલ ડ્યૂટિ :**

ધોરણ:- ૧૦ પાસ.

સોલ્જર ટેકનિકલ અને નર્સિંગ આસિસ્ટન્ટ

ધોરણ:- ૧૦ પાસ. ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી સાથે.

**૨. સોલ્જર (ટ્રેડ્સ મેન):-**

લાયકાત:- નોન મેટ્રિક.

**ઈન્ડિયન એર ફોર્સ :**

ઈન્ડિયન એર ફોર્સમાં એરમેન ઈન ડ્રાઈવર મિકેનિકલ ટ્રાન્સપોર્ટ (MTD) ટ્રેડ, એરમેન નોન ટેક્નિકલ ટ્રેડ વગેરેની પ્રવેશ પરીક્ષાઓ તેમજ ભરતી પ્રક્રિયા ગુજરાતમાં લશ્કરી ભરતી કાર્યાલય દ્વારા જિલ્લા અથવા તાલુકા મથકોએ થાય છે. તેમાં જિલ્લાની રોજગાર કચેરીઓ મદદરૂપ બને છે. તેથી જે-તે જિલ્લામાં આ કચેરીનો સંપર્ક કરવાથી માહિતી માટે માર્ગદર્શન મળે છે.

સંપર્ક સ્થાન:- એરમેન ભરતી કાર્યાલય (પશ્ચિમ વિભાગ) મુંબઈ

કમાન્ડિંગ ઓફિસર-૬ એરમેન સિલેકશન સેન્ટર, કોટન ગ્રીન એરફોર્સ સ્ટેશન,

મુંબઈ-૪૦૦ ૦૩૩. ફોન: (૦૨૨) ૨૩૭૧૪૯૮૨ (એક્ષટેન્શન ૩૧૬)

વધુ માહિતી માટે સંપર્ક www.airmenselection.gov.in

**ઈન્ડિયન નેવીમાં સેઈલર**

ભારતીય નૌકા દળમાં સેઈલરનું સ્થાન મહત્ત્વનું છે. નૌકા દળની મશીનરી, શસ્ત્રો, વિજાણું "સેન્સર્સ" અને જહાજ પરના સાધનોને કાર્યાન્વિત કરવાનું અને યોગ્ય રીતે જાળવવાનું કાર્ય સેઈલર દ્વારા થાય છે. વળી નાવિકોને નૌકાદળમાંથી છૂટા કરતા પહેલા તેમને પ્રિ-રીલીઝ અભ્યાસ દ્વારા નાગરિક જીવનમાં ગોઠવાઈ શકે તેની તાલીમ પણ આપવામાં આવે છે. ફક્ત અપરણિત ભારતીય પુરુષ નાગરિક જ અરજીપાત્ર છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો:-

ઈન્ડિયન નેવી, C/O INS, વાલસુરા- જામનગર

વેબસાઈટ : www.indiannavy.nic.in

સંરક્ષણ દળ ક્ષેત્રે ભરતી અને તાલીમ માટે સંબંધિત ક્ષેત્રની વેબસાઈટ, રોજગાર સમાચાર, એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ, વર્તમાનપત્રો વગેરેમાં લાયકાત, વય અને ફિઝિકલ ટેસ્ટ અંગેની વિગતે માહિતી આવે છે.

**રેલ્વે રિક્રુટમેન્ટ બોર્ડ :**

રેલવે સુરક્ષા દળમાં વોટર કેરિયર, સફાઈ વાળા, માળી, ધોબી, દરજી, મોચી જેવા ગૌણ કર્મચારીઓની ભરતી પણ થાય છે. આ પદો માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ધોરણ-૮ પાસ છે. અને વય મર્યાદા ૧૮ થી ૨૫ વર્ષ છે. ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ તથા લેખિત કસોટી અને મૌખિક કસોટીમાં પાસ થવું ફરજિયાત છે.

રેલવેમાં ગ્રુપ "ડી" પોસ્ટ અંતર્ગત ગેંગમેન, ટ્રેકમેન, ખલાસી, પ્લેટફોર્મ પોર્ટર, પાર્સલ પોર્ટર, સફાઈ વાલા જેવી પોસ્ટ પર પણ ભરતી થાય છે. લેખિત પરીક્ષા અને શારીરિક ક્ષમતા કસોટી ફરજિયાત છે.

વિદ્યાર્થી મિત્રો, ધો. ૧૦ પછી ઉપરોક્ત યોગ્ય અભ્યાસક્રમ પસંદ કરીને સફળતાના શિખર સર કરી શકાય છે.

**નોંધ :** પ્રસ્તુત લેખમાં આપેલ વિગતો જાણકારી અને દિશાસૂચન માટે છે. તેને આખરી ન ગણતા ચોક્કસ અને આખરી માહિતી માટે જે તે સંસ્થાનો સંપર્ક સાધવો તેમજ પ્રવેશ ફોર્મ સાથે અપાતી માહિતી પુસ્તિકા તથા ફોર્મ સાથેની સૂચનાનો અભ્યાસ કરવો જરૂરી છે.

**- પી. આઈ. રબારી**
મદદનીશ,
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
રાયખડ, અમદાવાદ

INDIAN INSTITUTE OF PLANTATION MANAGEMENT BENGALURU
(An Autonomous Organization of the Ministry of Commerce & Industry, Government of India)

**RECRUITMENT NOTIFICATION**

Applications invited for :

1) **Associate Professor / Assistant Professor** in the area of International Trade/Marketing
2) **Administrative Officer**
3) **Personal Assistant to Director**
4) **Social Media Executive**
5) **Research Associates**

For details, visit **www.iipmb.edu.in.**
Last date: **24th June 2022.**

**DIRECTOR**

# INDIAN INSTITUTE OF TECHNOLOGY BHUBANESWAR

भारतीय प्रौद्योगिकी संस्थान भुवनेश्वर निम्नलिखित गैर-शिक्षण पदों को प्रत्यक्ष/प्रतिनियुक्ति के आधार पर भरने के लिए योग्य भारतीय नागरिकों से ऑनलाइन आवेदन आमंत्रित करता है:

Indian Institute of Technology Bhubaneswar invites **ONLINE** applications from eligible Indian Nationals for filing up the following Non-Teaching posts on Direct / Deputation basis:

| क्रमांक Sl No | पद का नाम / Name of the Post | रिक्तियों की संख्या / Number of vacancies | | | | | | | वेतन स्तर /Pay Level |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | UR | SC | ST | OBC | EWS | PWD | Total | |
| 1. | सहायक तकनीकी अधिकारी/ Assistant Technical Officer | 3 | - | - | 1 | - | - | 04 | Level-10 of Pay Matrix ₹ 56,100 - 1,77,500/- |
| 2. | कनिष्ठ अधीक्षक/Junior Superintendent | - | 1 | - | 1 | 1 | - | 03 | Level- 6 of Pay Matrix ₹ 35,400- 1,12,400/- |
| 3. | कनिष्ठ पुस्तकालय सूचना अधीक्षक/ Junior Library Information Superintendent | 1 | - | - | 1 | - | - | 02 | Level- 6 of Pay Matrix ₹ 35,400- 1,12,400/- |
| 4. | फ़िज़ियोथेरेपिस्ट /Physiotherapist | 1 | - | - | - | - | - | 01 | Level- 6 of Pay Matrix ₹ 35,400- 1,12,400/- |
| 5. | कनिष्ठ तकनीकी अधीक्षक / Junior Technical Superintendent | 3 | 1 | 1 | 2 | 1 | 1 (SC) | 09 | Level- 6 of Pay Matrix ₹ 35,400- 1,12,400/- |
| 6. | कनिष्ठ सहायक /Junior Assistant | 8 | 2 | 5 | 2 | 3 | 1 (UR) | 21 | Level- 4 of Pay Matrix ₹ 25,500 – 81,100/- |
| 7. | कनिष्ठ लेखाकार /Junior Accountant | 5 | - | 1 | - | - | - | 06 | Level- 4 of Pay Matrix ₹ 25,500 – 81,100/- |
| 8. | कनिष्ठ पैथोलॉजिस्ट / Junior Pathologist | 1 | - | - | - | - | - | 01 | Level- 4 of Pay Matrix ₹ 25,500 – 81,100/- |
| 9. | कनिष्ठ तकनीशियन / Junior Technician | 4 | 3 | 5 | 4 | 3 | 1 (ST) | 20 | Level- 4 of Pay Matrix ₹ 25,500 – 81,100/- |
| 10. | कनिष्ठ लैब सहायक / Junior Lab Assistant | 2 | 1 | 1 | 1 | 1 | - | 06 | Level- 4 of Pay Matrix ₹ 25,500 – 81,100/- |
| 11. | मल्टी-टास्किंग स्टाफ (एडमिन, इलेक्ट्रीशियन, प्लंबर, कारपेंटर, टेलीफोन एक्सचेंज, कोच)/Multi-Tasking Staff (Admin, Electrician/ Pump Operator/ Mechanic, Plumber, Carpenter, Telephone Operator) | 6 | 1 | 1 | 1 | 1 | - | 10 | Level- 1 of Pay Matrix ₹ 18,000-56,900/- |
| | **Total:** | 34 | 9 | 14 | 13 | 10 | 3 | **83** | |

1. स्व-सत्यापित दस्तावेजों / प्रशंसापत्र के साथ भरा हुआ आवेदन स्पीड पोस्ट / कूरियर के माध्यम से भेजा जाना चाहिए, जिसमें "______ के पद के लिए आवेदन (नियमित / प्रतिनियुक्ति: स्ट्राइकआउट जो लागू नहीं है)" का उल्लेख किया गया हो। आवेदन की हार्ड कॉपी प्राप्त करने की अंतिम तिथि **04.07.2022** है।

   Filled application along with self-attested documents / testimonials should be sent through speed post/ courier, mentioning **"Application for the post of _____(Regular/Deputation:** strikeout which is not applicable)". Last date for receipt of hard copy of application is **04.07.2022**.

2. आवेदकों को ₹ 500/- (अनुसूचित जाति/अनुसूचित जनजाति/महिला आवेदक/आंतरिक उम्मीदवार/ट्रांसजेंडर/भूतपूर्व सैनिकों को छोड़कर) के गैर-वापसी योग्य शुल्क का भुगतान करना आवश्यक है।

   The applicants are required to pay the non-refundable fee of ₹ 500/- (except SC/ST/female applicant/ Internal candidate/transgender/ Ex-Servicemen).

3. अधिक जानकारी के लिए कृपया देखें **http://www.iitbbs.ac.in**

   For further details please visit **http://www.iitbbs.ac.in**

**Sd/-**
कुलसचिव /**Registrar**

**Editor and Published by Director of Information on behalf of Directorate of Information. Block No. 19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. Printed by Government Central Press, Nr. Gh-7 Circle, Sector-29, Gandhinagar-382029.**